**GOVERNMENT OF GUJARAT**
Roads & Buildings Department Sachivalaya, Gandhinagar,
No. Toll-Notification/B-N ROAD/2021
Date 27/4/2026

**Order:-**

1. Gujarat State Road Development Corporation Ltd., Gandhinagar (herein after referred to as GSRDC) had developed by Widening and Strengthening of Km 5/200 to 50/00 of Bhuj-Nakhatrana Road, Section of SH-42 in the State of Gujarat, India on BOT basis through the Concessionaire M.S.Khurana Infrastructure and Toll Road Pvt. Ltd. and the the Project is now vested with GSRDC.

2. Now, the Government of Gujarat hereby confirms, declares and orders that a charge shall be determined, levied, collected, retained and appropriated by the GSRDC or its Authorized Agent, servants on motor vehicles of the classes and trailers drawn by such vehicle specified in column **no. 2** at the rate specified against each of them in column **no.3** of the schedule of charges hereunder.

**Schedule of User Fee**

| **Sr.No** | **Vehicle Category** | **Fee (Effect from 01/05/2026 ) Rs. per Trip)** | | | **Remarks** |
|---|---|---|---|---|---|
| | | Bhuj-Deshalpar Section. | Deshalpar Nakahtrana Section. | Bhuj-Nakhatrana Section. | |
| **(1)** | **(2)** | (3) | | | The toll Fee of Car/ Jeep/ Van / Two Wheeler/ Three Wheeler & Gujarat State Road Transport Corporation Buses are exempted from Dated 15/08/2016 vide Government of Gujarat, Roads and Building Department letter No. મુ.મ.સ.૧૦/ ૨૦૧૬/ ટો.મુ./ કેબીનેટ/૧૯/ ખા.ક. તા. ૧૨/૮/૨૦૧૬ |
| 1. | LCV | 26 | 28 | 54 | |
| 2. | Bus/ Trucks (Standard Axle) | 41 | 69 | 110 | |
| 3. | 2 Axle Truck (Tandem Axle) | 69 | 96 | 165 | |
| 4. | MAV | 96 | 123 | 219 | |

The fee shall be levied on vehicles using the road and entering toll plaza and passing over the project highway with effect from 8.00 AM on 01/05/2026 till further notice

3. The following types of vehicles are exempted from paying the fee specified in the above schedule.

Vehicles having VIP symbols which officially belong to the President of India, the Vice President of India, the Prime Minister of India, Governor of States, Lt. Governors of Union Territories, Chief Ministers, Central and State Ministers, Presiding Officers of Central and State legislatures having jurisdiction, judges of the Supreme Court of India and of the High Courts having jurisdiction, Foreign Dignitaries on State visit to India, Heads of Foreign Missions stationed in India using cars with CD symbol. Members of Parliament. Members of Legislative Assembly, Central and State Government Vehicles, Officers of GSRDC. persons required to use the Project Highway for discharging their statutory obligations in relation to the Site. Independent Consultant, Central and State forces in uniform including armed forces, para military forces and Defense vehicles, Police vehicles, winners of the Gallantry Awards namely, Param Vir Chakra, Ashok Chakra, Maha Vir Chakra, Kirti Chakra, Vir Chakra and Shaurya Chakra on production of ID cards authenticating the award by the competent authority, Members of District Panchayat & Taluka Panchayat, Emergency Vehicles such as Fire fighting vehicles, Ambulances and vehicles used during rescue operation in emergency.

4. The GSRDC or its authorized agent is entitled to regulate or prohibit the use of Road by the user unless fees, as notified, are duly paid by the user for the use of the Road.
5. When a vehicle has to use the Project Highway more than once in a day, the user at his option be entitled to do so on the payment of one and half times the Fee for one way trip in the first trip itself. A vehicle owner shall also be entitled to a monthly pass on payment of Fee equal to thirty times the Fee for one-way and entitled to use the Project Highway for unlimited time during the tenure of monthly pass.
6. Local Commercial Traffic* and Local Personal Traffic** shall pay users fee of 50% of the applicable fees."
7. The Agency (Tolling Contractor) appointed by GSRDC or its agent, servants are authorized to collect the fee and issue a receipt thereof.

* **"Local Commercial Traffic"** means any commercial vehicle including buses, trucks, light motor vehicles or taxis engaged in carrying goods and passengers and required to use the project highway frequently and owner of vehicle resides within distance of 2 Km. of toll plaza and registered with the Agency of GSRDC and as may be certified by officer nominated by the GSRDC.

** **"Local Personal Traffic"** means and includes a personal vehicle which is registered with the Agency of GSRDC by any person who normally resides or works at a place that can normally be approached only by using a part of the Project Highway and such person is, therefore, required to use such vehicle for commuting daily on a part of the Project Highway, and as may be certified by any officer nominated by the GSRDC.

**By order and in the name of Governor of Gujarat.**

**( H. L Suthar)**
Officer on Special Duty
Road & Building Department
Government of Gujarat.

**Copy to:**

1. Gujarat State Road Development Corporation Ltd.,
2. The Collector, Kutch District.
3. The District Superintending of Police, Kutch District.
4. Executive Engineer, R&B Division, Bhuj (Kutchh).

(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર -કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોક્કસ સમજણ- અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામને ધ્યાને લેવા સલાહ આપવામાં આવેછે)

ફી અંગે જાહેરનામું

ગુજરાત સરકાર ( GOG )

માર્ગ અને મકાન વિભાગ (આર એન્ડ બી ડી )

નવા સચિવાલય,ગાંધીનગર

**નં.જીમપી/ ટોલ- નોટિફિકેશન/ બી. એન. રોડ/૨૦૨૪**

તા. ૨૭/૦૪/૨૦૨૬

આદેશ:

૧. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ " જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) દ્વારા ભુજ-નખત્રાણા રસ્તા ( પરિયોજના રસ્તો) ના કી.મી. ૫/૨૦૦ થી ૫૦/૦૦ એસ. એચ ૪૨ ના પ્રભાગને બી. ઓ. ટી ધોરણે કન્સેશનર એમ એસ ખુરાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ટોલ રોડ પ્રાઇવેટ લિ. મારફતે પહોળો તથા મજબૂત કરી વિકસીત કરવામાં આવ્યો છે અને પૈયોજન હવે જીએસઆરડીસી માં નિહિત છે.

૨. હવે, ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી આદેશ કરે છે કે જીએસઆરડીસી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ /કર્મચારીઓ અહી નીચે આપેલ ચાર્જની યાદીના ખાન નંબર -૨ માં જણાવેલ વાહનોની અને આવા વહાનોથી ખેચાતાં ટ્રેલર પાસેથી ખાના નંબર ૩ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નક્કી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

વપરાશ ફી ની યાદી

| ક્રમ | વાહનનો પ્રકાર | દર (તા. ૦૧/૦૫/૨૦૨૬ થી લાગુ થનાર દર) | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | ભુજ-દેશલપર અનુભાગ | દેશલપર – નખત્રાણા અનુભાગ | ભુજ-નખત્રાણા અનુભાગ | |
| 1. | 2. | 3. | | | ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક:મુ.મ.સ./૧૦/૨/૦૧૬/ટો.મુ./કેબીનેટ/૧૯/ખા.ક તા. ૧૨/૮/૨૦૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પરથી કાર/ જીપ/ વાન/ દ્વિચક્રીય/ ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| 1. | હળવા વાણિજ્યક વાહનો | 26 | 28 | 54 | |
| 2. | બસ/ ટ્રક (સ્ટાન્ડર્ડ એકસલ) | 41 | 69 | 110 | |
| 3. | ૨- એકસલ ટ્રક (ટેન્ડમ એકસલ) | 69 | 96 | 165 | |
| 4. | એમ એ વી | 96 | 123 | 219 | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરતા અને ટોલ પ્લાઝામાં પ્રવેશતા અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો પર તા.૦૧/05/૨૦૨૬ ના રોજ સવારે ૦૮.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

3. નીચે પ્રકારના વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને " કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી-VIP –નું ચિહ્ન ધરાવતા વાહનો, જે સત્તાવાર, અધિકૃત રીતે ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, ભારતના વડાપ્રધાન, રાજ્યના રાજ્યપાલ, સંઘપ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો, મુખ્યમંત્રીઓ, કેન્દ્ર અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, કેન્દ્ર અને રાજ્યની ધારાસભા કે વિધાનસભાના પ્રમુખ અધિકારીઓ, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાના વિરોધપક્ષના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશો, ભારત દેશની મુલાકાતે આવેલ વિદેશી ઉચ્ચ પદાધિકારીઓ, ભારતમાંના વિદેશી મિશનના વડાઓ કે જેઓ CD ચિહ્ન ધરાવતી ગાડી વાપરતા હોય, સંસદ સભ્યો, વિધાનસભાના સભ્યો, કેન્દ્ર અને રાજ્ય સરકારના વાહનો, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમના અધિકારીઓ, સ્થળને લગતી-સ્થળ સંલગ્ન જવાબદારી અદા કરવા માટે આ પ્રાયોજના ધોરીમાર્ગનો જેમને ઉપયોગ કરવો પડતો હોય તેવી વ્યક્તિઓ, સ્વતંત્ર પરામર્શક અને સશસ્ત્ર દળો,અર્ધ-લશ્કરી દળો સહિત ગણવેશધારી કેન્દ્ર અને રાજ્ય સરકારના દળો, સંરક્ષણ વાહનો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તી ચક્ર, વીર ચક્ર, શૌર્ય ચક્ર જેવા વીરતા એવોર્ડ મેળવનાર વિજેતાઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા આ એવોર્ડ અધિકૃત કરતું ઓળખકાર્ડ રજૂ કર્યેથી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ,અગ્નિશામક વાહન,એમ્બ્યુલન્સ અને કટોકટીની પરિસ્થિતિમાં રાહત કામગીરી કરતા વાહનો.

૪. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કત઼ાને નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

૫. જ્યારે કોઈક વાહન પરિયોજના ધોરીમાર્ગ એક કરતાં વધુ વખત વાપરવાનું હોય ત્યારે વપરાશકર્તા પોતાની પસંદગીથી એક વખતની ફી ના ૧.૫ ગણા જેટલી રકમની ચુકવણીથી તેમ કરવા માટે હક્કદાર રહેશે.

વપરાશ કર્તા, એક વખતની ચૂકવવા પાત્ર ફી ના ૩૦ ગણા જેટલી રકમની ચુકવણીથી માસિક પાસ મેળવવા હક્કદાર રહેશે અને તે માસિક પાસના સમયગાળા દરમિયાન પરિયોજના રસ્તાનો અવિરત ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

૬. સ્થાનિક વાણિજયક વાહનો સ્થાનિક ખાનગી વાહનોએ લાગુ પડતી ફી ના ૫૦% જેટલી ફી ચૂકવવાની થશે.

૭. જીએસઆરડીસી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એજન્સી ટોલિંગ કોન્ટ્રાકટર કે તેના કર્મચારીઓ કે તેના પ્રતિનિધિ ફી વસૂલ કરવા અને તેની રસીદ આપવા અધિકૃત લેખાશે.

**સ્થાનિક વાણિજ્યક ટ્રાફીક** એટલે માલના અને પેસેન્જર (મુસાફરો)ના વાહન સાથે સંકળાયેલા હોય તેવા કોઈ પણ વાણિજ્યક વાહન કે જેમાં બસ, ટ્રક, હળવું મોટર વાહન અને ટેક્ષીનો પણ સમાવેશ ટશે અને જેઓ માટે પરિયોજના ધોરીમાર્ગનો અવાર નવાર ઉપયોગ કરવો જરૂરી હસહ અને આવા વાહનોના માલિકો ટોલ પ્લાઝાની ૨ કી મી ની હદમાં રહેતા હશે અને જીએસઆરડીસી દ્વારા નિયુક્ત અધિકારી દ્વારા પ્રમાણિત થયેલા હોઇ શકે.

**સ્થાનિક ખાનગી ટ્રાફીક** એટલે અને તેમાં સમેશ થનાર વાહનો એ એવા ખાનગી વાહનો છે કે જે જીએસઆરડીસી ની એજન્સી પાસે નોંધણી ધરાવતા હશે અને જે વ્યક્તિઓ સામાન્ય રીતે એ સ્થળે રહેતા હશે કે કામ કરતા હશે કે જે સ્થળે સામાન્ય રીતે આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરીને જ પહોંચી શકે અને આવા વાહનોનો ઉપયોગ દરરોજની મુસાફરી માટે જરૂરી થઇ રહે અને જીએસઆરડીસી દ્વારા નિયુક્ત અધિકારી દ્વારા પ્રમાણિત થયેલા હોઈ શકે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એચ એલ સુથાર)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત સરકાર

<u>નકલ રવાના :</u>

1. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ
2. કલેકટર કચ્છ જિલ્લો
3. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ જિલ્લો
4. કાર્યપાલક ઇજનેરશ્રી, મા . મ. વિભાગ ભુજ – કચ્છ.